BRAMPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# સીટી ઓફ બ્રૅમ્પટન, ઓક્ટોબર 4 થી 10 સુધીના આગ નિવારણ સપ્તાહની નોંધ લે છે

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (02 ઑક્ટોબર 2020) – ઓક્ટોબર 4 થી10 સુધી સિટી ઓફ બ્રૅમ્પટન સંખ્યાબંધ ઈવેન્ટ્સ સાથે આગ નિવારણ સપ્તાહનું આયોજન કરશે અને રસોઇ કરતી વખતે કેવી રીતે સુરક્ષિત રહેવું તે અંગે રહેવાસીઓને માર્ગદર્શન આપશે. આ વર્ષે રાખવામાં આવેલ થીમ છે "*રસોઈ કરતી વખતે હંમેશા રસોડામાં રહો*".

બ્રૅમ્પટનમાં ઘરમાં લાગેલ આગનું મોટું કારણ રસોડાની આગ હોવાનું જણાયું છે. રસોઇ કરતી વખતે સુરક્ષિત રહેવા માટે રહેવાસીઓ નીચે આપેલ સરળ પગલાં અનુસરી શકે:

- રસોઇ કરતી વખતે હંમેશા રસોડામાં રહો
- તમે રસોઇ કરો ત્યારે તમારા સેલ ફોન અથવા ટેલિવિઝન જેવા વિક્ષેપો દૂર કરો
- રસોઇ કરતા જો તમારે રસોડું છોડવાની જરૂર પડે તો સ્ટવ બંધ કરો અને બર્નર પર રહેલ વાસણ નીચે ઉતારી લો
- તમે ઉંઘમાં હો અથવા અલ્કોહોલ કે ભાંગના પ્રભાવ હેઠળ હો એવી પરિસ્થિતિમાં ક્યારેય રસોઇ કરવી નહીં
- આગ પકડી શકે એવી કોઇપણ વસ્તુ તમારા સ્ટવથી દૂર રાખો (દા ત, અવન મિટ્સ, લાકડાના વાસણ, ફૂડ પેકેજિંગ, ટુવાલો, પડદા)
- રસોઇ કરતી વખતે ટૂંકી કે ચુસ્ત બાંયના કપડા પહેરો

**આગ નિવારણ સપ્તાહ ઑનલાઈન પ્રસંગો**

આ વર્ષે COVID-19ના કારણે બ્રૅમ્પટન ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસિસનું આગ નિવારણ સપ્તાહનું પ્રોગ્રામિંગ વર્ચ્યુઅલ રહેશે. રોજિંદા સૂચન, રેસિપિઓ અન બીજી ઘણી બધી વસ્તુઓ માટે Twitter, Facebook, અને YouTube પર બ્રૅમ્પટન ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસિસને ફોલો કરો

સોમવારે, ઓક્ટોબર 5ના રોજ સાંજે 6 વાગ્યે અગ્નિશમનના વડા બિલ બોય્ઝ (Bill Boyes) અને જે રેડ એન્ડ કંપની (J. Red & Co. Food) ના શેફ જેસન રોસો (Jason Rosso) સાથેસિટી ઓફ બ્રૅમ્પટનના Facebook પેજ પર ફૂડ + ડ્રિંક ના લાઇવ કૂકિંગ સેગમેન્ટમાં જોડાઓ જેમાં રજૂ થશે એક મનપસંદ વાનગી તેમજ આગ સામેની સલામતી માટેના સૂચનો અને પ્રશ્નો પૂછવાની તક!

રેગા કિચન (Reggae Kitchen)ના શેફ વેન રિડ (Wayne Reid) સાથેનો રસોઇ વિષયક કાર્યક્રમ પણ ઓનલાઇન ઉપલબ્ધ થશે – રસોડામાં સુરક્ષિત રહીને કેવી રીતે સાદું જર્ક ચીકન ફ્રાય બનાવવાનું તમે શીખી શકશો.

આગ નિવારણ સપ્તાહ બ્રૅમ્પટન કેવી રીતે સ્વસ્થ અને સુરક્ષિત શહેર બની શકે તેમાં યોગદાન આપશે.

**અવતરણો**

"આગ નિવારણ સપ્તાહ તે આગ નિવારણને અગ્રતા આપવાની સ્મૃતિ કરાવતી અગત્યની બાબત પુરવાર થશે. રસોઈ બનાવતી વખતે સલામત રહેવું હવે પહેલા કરતા પણ વધુ અગત્યતા ધરાવે છે, જ્યારે આપણામાંના ઘણા COVID-19 ના ફેલાતો રોકવા માટે ઘરે સલામતપણે રહીએ છીએ. હું રસોઈ કરતી વખતે સલામત કેવી રીતે રહેવું તે શીખવા માટે તમામ રહેવાસીઓને પ્રોત્સાહિત કરું છું."

*- પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન*

"આગ અંગેની સુરક્ષામાં આપણે સહુએ પોતાની ભૂમિકા ભજવવાની છે. હું રહેવાસીઓને અતિ સક્રિય રહેવા આહ્વાન કરું છું. રસોડામાં આગ અંગેની સલામતી વિશે જાણકારી મેળવો અને તમારા ઘરો અને પ્રિયજનોને આગથી સુરક્ષિત રાખો. જો આપણે સહુ પોતપોતાની ભૂમિકા સારી રીતે ભજવીશું તો જીવો બચી શકશે."

*- રોવેના સાન્તોસ, રીજનલ કાઉન્સિલર , વૉર્ડ 1અને 5; કમ્યુનિટી સર્વિસિસ, સિટી ઓફ બ્રૅમ્પટનના પ્રમુખ*

"અમારી ટીમ દરરોજ તે માટે જ કાર્ય કરતી રહી છે, કે આપણું શહેર અને આપણા રહેવાસીઓને સ્વસ્થ અને સલામત રાખવા માટે શક્ય તેટલું બધું જ કરી છૂટીએ. હું તમામ રહેવાસીઓને પોતાની જાતને તે જાણકારી મેળવવા પ્રોત્સાહિત કરું છું કે કેવી રીતે તેઓ પોતાના પ્રિયજન માટે એક સુરક્ષિત ઘર બનાવવા માટે યોગદાન આપી શકે. સહિયારા કામ કરીને ચોક્કસ જ આપણે આગ નિવારણ બાબતે ફરક લાવી શકીશું."

***- શેરમેન વિલિયમ્સ (Charmaine Williams)*** *ઉપ-પ્રમુખ, વૉર્ડ 7અને 8, કમ્યુનિટી સર્વિસિસ, સીટી ઓફ બ્રૅમ્પટન*

"રસોડાની આગ બ્રૅમ્પટન ખાતે ઘરોમાં લાગતી આગનું મુખ્ય કારણ છે અને તે સામાન્યતઃ સરળતાથી નિવારી શકાતી હોય છે. આપણી બ્રૅમ્પટન ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસિસની ટીમ હંમેશા મદદ કરવા ખડે પગે તૈયાર રહેતી હોય છે, રહેવાસીઓ પણ અમારી અગ્નિશમન નિવારણની ટીમનો અગત્યનો ભાગ છે અને પોતાના ઘરોમાં આગ નિવારણ માટે તેમની પાસે જ સૌથી વધુ તક રહેતી હોય છે. તમારા ઘર અને તમારા પરિવારને સુરક્ષિત રાખવા માટે તમારે શું જાણવું જોઈએ તે શોધી કાઢો."

*- ચીફ બિલ બોય્ઝ, બ્રૅમ્પટન ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસિસ*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 650,000 લોકો વસે છે અને તેમાં 70,000 વ્યવસાયો છે.** અમે જે કંઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

BRAMPTON

# Media Release


**મિડિયા સંપર્ક:**

મોનિકા દુગ્ગલ (Monika Duggal)

કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ

વ્યૂહાત્મક સંવાદ

સીટી ઓફ઼ બ્રેમ્પટન

905-874-3426 | Monika.Duggal@brampton.ca